ખમાલા નં. ૩

સ્થાનિક સ્વરાજ્ય.

(લોકલ બૉર્ડ અને મ્યુનિસિપાલીટી વિષે ચર્ચા)

લેખક
ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક,
બી. એ., એલએલ. બી.

હિન્દ-સ્વરાજ્ય-વિચાર પ્રચારક ફંડના
મુંબાઈના તંત્રીમંડલ તરફથી
પ્રસિદ્ધ કરનાર,
જમનાદાસ દ્વારકાદાસ, બી. એ.
૩૪, ચોપાટી રોડ, મુંબાઈ.

કિંમત બે પૈસા. ૫૦ નકલની કીંમત રૂ. ૧—૦—૦

Printed by Chintaman Sakharam Deole at the Bombay Vaibhav Press, Servants of India Society's Building, Sandhurst Road, Girgaon, Bombay and

Published by Jamnadas Dwarkadas, B. A.
34 Chowpati Road,
Bombay

સ્થાનિક સ્વરાજ્ય.

સર્વ સ્વતંત્ર અને સ્વરાજ્ય ભોગવતી પ્રજાઓને સ્થાનિક સ્વરાજ્યનો વિષય અત્યંત પ્રિય છે. પાર્લામેન્ટના હક અને પ્રધાનમંડળની જવાબદારી વિષે તેઓ જેટલા તીવ્ર હોય છે તેટલાજ—બલ્કે કવચિત તેથી પણ વધારે—શહેરની મ્યુનિસિપાલીટી અને જીલ્લાની "કાઉન્ટી કાઉન્સીલ" ની સત્તા અને પ્રતિષ્ઠા વિષે તેઓ આગ્રહી હોય છે. આનું કારણ સમજવું બહુ મુશ્કેલ નથી. જે સ્વાભિમાની શહેરીઓ સમગ્ર દેશના રાજકારભારમાં રસ લે તેઓ પોતાના ગામ અને જીલ્લાની કેળવણી અને સુખાકારીની વૃદ્ધિ માટે પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. જો આખો દેશ પોતાનો છે એમ તેઓ માને છે તો ત્હેના જે ન્હાનકડા ભાગમાં પોતે જન્મ્યા છે ત્હેની ઉન્નતિ માટે પોતે ખાસ જવાબદાર છે એમ તેઓ સમજે છે. બીજી પાસથી, મ્યુનિસિપાલીટી અને "કાઉન્ટી કાઉન્સીલ" માં જે જવાબદારી તેઓ ઉઠાવે છે તે ત્હેમને એવું સ્વાભિમાની ગૌરવ અને એવી સંગીન રાજકીય કેળવણી આપે છે કે જેથી તેઓ દેશની મ્હોટામાં મ્હોટી રાજસભા અને ઉંચામાં ઉંચી પદવી માટે લાયક બને. અને હિન્દ જ્યારે ધીમે પણ દૃઢ પગલે એ સુધરેલા દેશોની પંક્તિમાં દાખલ થાય છે તે વખતે ત્હેણે સ્થાનિક સ્વરાજ્યનો ઉત્તમ સિદ્ધાન્ત ધ્યાનમાં રાખવાની જરૂર છે.

પરન્તુ આ વિષયની ચર્ચા માટે આ એક જ કારણ નથી. સર્વ કોઇ કબૂલ કરે છે—આપણા જુના મિત્રો તેમજ વિરોધી પક્ષવાદીઓ—કે છેલ્લી કૉંગ્રેસે સર સત્યેન્દ્ર સિંહના ઉમદા પ્રમુખ-

પણ નીચે રાષ્ટ્રીય ઉન્નતિનું એક મ્હોટું પગલું ભર્યું છે. સ્વરાજ્યની દિશામાં ઘણા જ વજનદાર સુધારા થવા જોઈએ, એમ કૉંગ્રેસે સિંહનાદથી સર્વને સંભળાવ્યું છે. તે સંબંધી ઠરાવનું શાન્તિથી મનન કરતાં જણાશે કે બીજા સર્વ સુધારાની સાથે સ્થાનિક સ્વરાજ્યનો મ્હોટો હિસ્સો તે નીડરપણે માગે છે. આથી તે સ્વરાજ્યની અગત્ય અને સ્વરૂપ વિષે જેટલી ચર્ચા થાય તેટલી ઓછી છે.

લૉર્ડ રીપનનો ઠરાવ.

હવે, આપણા દેશમાં સ્થપાયેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તરફ વળીશું. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે મ્યુનિસિપાલીટી અને લોકલ બૉર્ડ—જે બે મુખ્ય સ્થાનિક સંસ્થાઓ હાલ આપણા દેશમાં મોજુદ છે–તે બન્નેને ઉન્નત રાજદૃષ્ટિથી અને પ્રજાકીય હેતુથી આ દેશમાં સ્થાપવાનું માન લૉર્ડ રીપનને ઘટે છે. ત્હેણે સન ૧૮૮૨નો નામાંકિત ઠરાવ બ્હાર પાડ્યો તે પહેલાં પણ કેટલાંક શહેરોમાં અને જીલ્લાઓમાં અમુક જાહેર કામોના નીવેડા માટે મંડલો નીમવામાં આવ્યાં હતાં. પરન્તુ તે વખતે તે અનિયમિત રીતે અને સગવડ પ્રમાણે સ્થાપવામાં આવ્યાં હતાં–કાયદાથી તે નિયત થયાં ન હતાં. અને વધારામાં ત્હેનું બંધારણ મુદ્દલ પ્રજાકીય ન હતું, અર્થાત ત્હેના બધા સભાસદો સરકારથી જ નીમવામાં આવતા હતા. લૉર્ડ રીપનને આ સ્થિતિ અસંતોષકારક લાગી અને બીજા સુધરેલા દેશોની માફક હિંદમાં પણ સ્થાનિક સ્વરાજ્ય મજબૂત પાયા ઉપર સ્થપાવું જોઈએ એવો ત્હેણે નિશ્ચય કર્યો. પરન્તુ આથી પણ વધારે આશ્ચર્યકારક અને સંતોષકારક આપણને એ લાગે છે કે પોતાના મશહુર ઠરાવમાં ત્હેણે સ્પષ્ટ રીતે લખ્યું છે કે

રાજકીય કેળવણી અને સ્વરાજ્યનું શિક્ષણ આપવા માટે આ સંસ્થાઓ સ્થાપવી જોઇએ. આ રાજનીતિને પરિણામે પંજાબ, સંયુક્ત પ્રાંતો, મધ્ય પ્રાંતો વગેરે જે પ્રાંતમાં ધારાસભા ન હતી ત્હેને માટે વડી ધારાસભાએ, મ્યુનિસિપાલીટી અને લોકલ બૉર્ડના કાયદા ઘડયા અને બંગાળ, મુંબાઈ અને મદ્રાસે પોતાની ધારાસભામાં એ કાયદા રચ્યા. સ્વાભાવિક રીતે આ બધી સંસ્થાઓનાં બંધારણ બધા પ્રાંતોમાં સરખી રીતે ઉદાર–અથવા અનુદાર ન હતાં તેમ ત્હેમની સત્તાઓમાં પણ ઘણા ગંભીર ભેદ હતા. આજે આશરે ત્રીશ વર્ષ પછી લગભગ સર્વને માટે નવા કાયદાઓ રચાયા છે. છતાં લૉર્ડ રીપનની રાજનીતિથી જ સ્વરાજ્યનો અને તે દ્વારા ચુંટણીનો હક પ્રજાને પહેલી વાર મળ્યો અને હિંદની પ્રજાનો રાજકીય વિકાસ એક એવા માર્ગ ઉપર મૂકાયો કે જ્યાં ત્હેની હમેશાં વધારે ને વધારે પ્રગતિ થાય.

સ્થાનિક સ્વરાજ્યના હેતુ.

રાજકીય વિકાસનો જે મહાન્ ઉદ્દેશ અમે જણાવ્યો તે ઉપરાંત વ્યાવહારિક રીતે સ્થાનિક સંસ્થાઓના મુખ્ય બે ઉદ્દેશ છે. (૧) પ્રજાને કેળવણી આપવી અને (૨) ત્હેની સુખાકારી વધારવી. સન ૧૮૫૪ના મશહુર ખરડાથી સરકારે હિન્દની પ્રજાને કેળવણી આપવાનો પોતાનો ધર્મ સ્વીકાર્યો અને ત્હેને પરિણામે મુંબાઈ, મદ્રાસ અને કલકત્તામાં યુનિવર્સિટીઓ સ્થપાઈ તેમજ થોડી કૉલેજો અને નિશાળો પણ રચાઈ. સરકારે શરૂઆતમાં તો ખાનગી નિશાળોને થોડી સહાય આપીને જ સંતોષ માન્યો પણ ધીમે ધીમે મુખ્ય સ્થળોમાં નિશાળો સ્થાપવાનું કામ શરૂ કર્યું.

પરન્તુ કૉલેજની કે માધ્યમિક કેળવણી કરતાં પણ પ્રાથમિક શિક્ષણનો સવાલ વધારે કઠિન હતો. દરેક પ્રાંતમાં પંદર વીસ કે વધારે જીલ્લા, દરેક જીલ્લામાં પાંચ સાત કે વધારે તાલુકા અને દરેક તાલુકામાં પચાસ સો ગામડાં—એ સર્વ સ્થળોમાં નિશાળો કેમ સ્થાપવી ? સરકારને થોડા વખતમાં જ સ્પષ્ટ થયું કે આ કામ અમલદારોની દેખરેખ નીચે સ્થાનિક મંડલો જ કરી શકશે અને પરિણામે મ્યુનિસિપાલીટી અને લોકલ બૉર્ડને પોતપોતાના પ્રદેશમાં ખાસ કરીને પ્રાથમિક કેળવણીનો પ્રસાર કરવાનું કામ સોંપવામાં આવ્યું. પ્રજાકીય કેળવણી પ્રજાની સંસ્થાઓને હસ્તક કરવામાં આવી.

લોકોના આરોગ્ય અને સુખાકારીનો સવાલ આથી ઓછો અગત્યનો ન હતો. સૈકાઓની ગરીબાઇથી અને મધ્યકાલની અવનતિથી લોકોની રહેણીકરણી ઘણી મલીન થઈ હતી, પાણી, ગંદકી વગેરેની જુની વ્યવસ્થાઓ નષ્ટ પામી હતી, અને વખતોવખત જુના તેમજ નવા રોગ ફાટી નીકળતા હતા. આ સ્થિતિમાં એક પાસથી ઇસ્પીતાલો ઉઘાડી માંદા માણસોને તંદુરસ્ત કરવાની જરૂર હતી તો બીજી પાસથી શહેરે શહેર અને ગામે ગામ એવી સગવડો ઉપજાવવાની હતી કે જેથી પ્રજા ફરીથી તંદુરસ્ત અને સુખી થાય. આ કાર્ય પણ જેટલું અગત્યનું હતું તેટલું જ ભારે હતું. અને તે પણ સ્થાનિક મંડળોને સોંપવામાં આવ્યું. આમ, શરીરની સુખાકારીથી અને મનની કેળવણીથી દેશની અઢળક વસ્તીનાં ઘર અજવાળવાં એ આ સંસ્થાઓનું કર્તવ્ય બન્યું.

સ્થાનિક મંડળો.

આ હેતુની સિદ્ધિને માટે બે જાતનાં મંડળો સ્થાપવામાં આવ્યાં (૧) મ્યુનિસિપાલીટી અને (૨) લોકલ બૉર્ડ. આ

બન્નેના બંધારણ અને વહીવટની અનેક વિગતોમાં અમે અહીંઆ ઉતરી શકતા નથી; પરન્તુ અમે સંક્ષેપમાં જણાવીશું કે અમુક સંખ્યાથી વધારે વસ્તીવાળાં શહેરોમાં મ્યુનિસિપાલીટી સ્થાપવામાં આવી ત્યારે જીલ્લાઓમાં લોકલ બૉર્ડ અને ત્હેના તાબામાં તાલુકા બૉર્ડ સ્થપાયાં. મ્યુનિસિપાલીટી એક જ જથ્થાની અને વધારે સુધરેલી વસ્તીને માટે હોવાથી ત્હેનું બંધારણ વધારે પાકું થયું અને ત્હેને વધારે વિશાલ સત્તાઓ આપવામાં આવી. ઉપરાંત મ્યુનિસિપાલીટીનું કાર્ય ધીમે ધીમે બિનઅમલદારી શહેરીઓના હાથમાં રહ્યું ત્યારે લોકલ બૉર્ડનું કામ ઘણા જ વિશાલ પ્રદેશ ઉપર વેરાયેલું હોવાથી સીધી કે આડકતરી રીતે અમલદારોને હસ્તક થયું છે.

આ ઉપરાંત, બીજી બે સ્થાનિક સંસ્થાઓની નોંધ આપણે લેવી જોઇએ. મુંબાઇ, બંગાલ, મધ્યપ્રાંત વગેરે કેટલાક પ્રાંતોમાં તાલુકા લોકલ બૉર્ડથી પણ વધારે ન્હાની સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. પાંચસે કે એવી કોઈ મુકરર સંખ્યાથી વધારે વસ્તીવાળાં ગામડામાં તંદુરસ્તીનાં સર્વ કામ કરવાને માટે ન્હાનાં મંડળો (Sanitation Committees) રચવાની સત્તા પ્રાન્તિક સરકારને મળી છે. ત્હેની રૂએ થોડાં મ્હોટાં ગામમાં આવી સંસ્થાઓ ઉત્પન્ન થઈ છે અને ગામમાં જુજ કર નાંખી ત્હેની ઉપજમાંથી લોકલ બૉર્ડની દેખરેખ નીચે તે પોતાનું કામ કરે છે.

આથી પણ વધારે અગત્યની સંસ્થાઓ મદ્રાસ અને સંયુક્ત પ્રાંતમાં સ્થપાવા માંડી છે. સૈકાઓથી ગામડાની જે પંચાયતો આપણા દેશમાં હતી ત્હેનું પુનર્જીવન કરવાને સરકારને વારંવાર વિનંતિઓ કરવામાં આવી છે. ઉપરાંત કેટલાક

અંગ્રેજ ઇતિહાસકારોએ તેમજ ઘણા કલેકટર, ગવર્નર અને ગવર્નર જનરલે પોતાનો મક્કમ અભિપ્રાય દર્શાવ્યો છે કે પંચાયતો હિન્દની જુનામાં જુની સંસ્થાઓ છે—જેનો સરકારે બને તેટલો ઉપયોગ કરવો જોઇએ. પણ પ્રજાની અરજો તેમજ અમલદારોની ભલામણોની વર્ષો સુધી સરકારે ઉપેક્ષા કરી. ફકત મદ્રાસ પ્રાંતમાં થોડાં વર્ષથી અમુક વસ્તીનાં ત્રણ ચાર ગામડાંનાં એકત્ર મંડળો (Unions) સ્થપાયાં છે અને ત્હેમાં હમણાં જ કાંઇક સુધારા વધારા થયા છે. સંયુકત પ્રાંતોમાં પણ એવાં મંડલો વિષે હમણાંજ કાયદો પસાર કરવામાં આવ્યો છે અને ત્હેની રૂએ તે મંડલો સ્થલે સ્થલે સ્થાપવાને પ્રયત્નો કરવામાં આવે છે.

સ્થાનિક સ્વરાજ્યની સફલતા.

આમાં મ્યુનિસિપાલીટી અને લોકલ બૉર્ડ વધારે અગત્યનાં હોવાથી આપણે ત્હેના ઉપર જ આપણું લક્ષ રાખીશું. તે સંસ્થાઓ અત્યારે કઈ સ્થિતિએ પ્હોંચી છે, અને ત્હેની ઉપજ અને ખર્ચ કેટલો છે, ત્હેના બંધારણ તથા વહીવટમાં પ્રજાકીય તત્વ કેટલું ઓછું છે અને તે કેટલે અંશે "સ્થાનિક સ્વરાજ્ય" નું નામ સાર્થક કરે છે—ટુંકામાં તે કેટલે અંશે સફલ થઈ છે અને ત્હેમાં કેવા સુધારા કરવાની જરૂર છે એ સર્વ મુદ્દાનો સર્વેએ વિચાર કરવો જોઇએ. સન ૧૮૮૨ પછીનો ત્હેનો ઇતિહાસ સંક્ષેપમાં કહીશું. સરાસરી વીસ વર્ષ પછી એટલે ૧૯૦૦–૫ સુધીમાં ઘણા પ્રાંતોમાં મ્યુનિસિપાલીટી તેમજ લોકલ બૉર્ડના કાયદામાં અગત્યના સુધારા થયા. તે પછી વડી અને પ્રાન્તિક સરકાર અને પ્રાન્તિક સત્તા અને સ્થાનિક મંડલો વચ્ચેના સંબંધનો વિચાર કરવા ડીસેન્ટ્રેલીઝેશન કમીશન નીમવામાં આવ્યું હતું અને ત્હેણે બન્ને સ્થાનિક સંસ્થાઓના સુધારા

વિષે તેમજ ગામડાની પંચાયતોની સ્થાપના વિષે ઘણી અગત્યની સૂચનાઓ કરી. તે સૂચનાઓને પચાવવાને વર્ષો સુધી વ્યર્થ પ્રયત્નો કર્યા પછી ગયા વર્ષના મે માસમાં સરકારે જે ઠરાવ બ્હાર પાડયો તે અત્યંત નિરાશાજનક નીવડયો. સંક્ષેપમાં એટલું જ કહી શકાય કે લૉર્ડ રીપને જે સ્થિતિમાં એ સંસ્થાઓને મૂકી તે સ્થિતિમાં જ તે રહી છે; કારણ કે કેટલેક ઠેકાણે ત્હેનાં બંધારણ વધારે ઉદાર કરવામાં આવ્યાં છે તો બીજી પાસથી કારોબારી સત્તા વધારે ને વધારે અંશે અમલદારોના હાથમાં સોંપાઈ છે.

હવે પ્રશ્ન એ થાય છે કે એકંદર સ્થાનિક સ્વરાજ્ય આપણા દેશમાં સફલ થયું છે? આ પ્રશ્ન જેટલો જ અગત્યનો તેટલો કઠિન છે, અને તેથી ત્હેનો એકદમ હકારમાં કે નકારમાં ઉત્તર આપી શકાય નહિ. પરન્તુ અમે હિંમતપૂર્વક એમ કહીશું કે એ બન્ને સંસ્થાઓએ અત્યાર સુધીમાં, કેળવણીના પ્રયાસમાં તેમજ તંદુરસ્તીનાં સાધનોની વૃદ્ધિમાં, રસ્તાઓની રચનામાં તેમજ દુકાળમાં લોકોના રક્ષણમાં પ્રજાની ઘણી કીમતી સેવા બજાવી છે. જેઓ કેવળ નિષ્પક્ષપાતપણે આ વિષયનું અવલોકન કરશે તેઓ પણ કહેશે કે જેટલે અંશે સ્થાનિક સ્વરાજ્ય પ્રજાને મળ્યું છે તેટલે દરજ્જે તો તે સિદ્ધ થયું છે.

અને છતાં કોણ માનશે કે જે મ્હોટા સવાલોના નિરાકરણ માટે આ સંસ્થાઓ સ્થાપવામાં આવી હતી ત્હેનો હવે પૂરેપૂરો નીવેડો આવ્યો છે? છેલ્લાં થોડાં વર્ષથી આપણે સ્પષ્ટ રીતે સમજ્યા છીએ કે પ્રાથમિક કેળવણીના પ્રસાર ઉપર આપણી રાષ્ટ્રીય ઉન્નતિનો આધાર છે અને છતાં જે નિશાળો લોકલ બૉર્ડે અત્યાર સુધીમાં ઉઘાડી છે તે અંધકારમય રાત્રિમાં

ઝગમગતા જુજ દીપ સમાન છે. જ્યારે બધા સુધરેલા દેશોમાં દરેક ગામડામાં બે ત્રણ કે તેથી વધારે નિશાળો છે ત્યારે આપણા દેશમાં ચાર પાંચ ગામડા વચ્ચે એક નિશાળ હોય તો પણ આપણું નશીબ !

દેશની સ્વચ્છતા અને સુખાકારી વિષે પણ તેમજ. જ્યારે મ્હોટાં શહેરો અને નગરોના સરિયામ રસ્તા સાફ રહે છે ત્યારે હજારો અને લાખો ગામ અને ગામડાંઓમાં ગંદકીના ઢગેઢગ ઉભરાય છે. જુજ મ્હોટાં શહેરમાં પાણીનાં બાંધકામ થયાં છે ત્યારે ગામડાઓમાં પુરતાઃ કુવા પણ નથી જેથી વરસાદની જરા તંગી પડતાં પાણીનો ત્રાસજનક તોટો પડે છે. અને જીલ્લાના અમલદારોની સગવડ માટે મ્હોટાં ગામ વચ્ચેના રસ્તાઓ તૈયાર કરાવવામાં આવે છે ત્યારે ગામડાંઓ વચ્ચેના અને શહેર અને ગામડાં વચ્ચેના રસ્તાઓ પુરાણી સ્થિતિમાં રહ્યા છે.

દરેક હિન્દવાસીએ વિચાર કરવો જોઇએ કે આ ભયંકર સ્થિતિ દેશના ભીતરમાં રહેલી છે ત્યાં સુધી પ્રજાકીય ઉન્નતિ કેમ થશે ? રસ્તાઓ સારા ન હોવાથી ગામડામાં જવાની ઘણી મુશ્કેલીઓ રહે છે અને કેળવાયેલો વર્ગ આમ ત્હેના પરિચયમાં ન આવવાથી ભાગ્યે જ ગામડાંની સ્થિતિ વિષે બહુ વિચાર કરે છે. પરિણામે જીલ્લા અને તાલુકાનાં લોકલ બૉર્ડ, તંદુરસ્તીની કમિટિઓ અને ગામડાંની પંચાયતોની ખરી અગત્ય હજી સમજાઈ નથી.

બંધારણ.

આમ, સ્થાનિક સંડલોનું કાર્ય હજી સુધી અત્યંત અપૂર્ણ અને અસંતોષકારક રહેલું હોવાથી ત્હેને સુધારવાના માર્ગનો વિચાર આપણે કરીશું.

પ્રથમ તો મ્યુનિસિપાલીટી અને લોકલ બૉર્ડ–બન્નેના બંધારણ અને વહીવટમાં પ્રજાકીય તત્વ વધારે દાખલ કરવાની જરૂર છે. પહેલું આપણે બંધારણ લઈશું. અમારા વાચકોને જાણીને ઘણી અજાયબી લાગશે કે પંજાબ, સંયુકત પ્રાંત અને મધ્ય પ્રાંતનાં સ્થાનિક મંડલોનાં બંધારણ મદ્રાસ, બંગાળા અને ખાસ કરીને મુંબાઇના કરતાં વધારે ઉદાર છે. પંજાબ વગેરેની સંસ્થાઓમાં સાધારણ રીતે પ્રજાના સભાસદોની સંખ્યા ૨/૩ અથવા ૩/૪ જેટલી હોય છે અને મદ્રાસ અને બંગાળામાં ચુંટાયેલા સભાસદોની સંખ્યા ઉપર અટપટી મર્યાદાઓ મૂકવામાં આવી છે ત્યારે મુંબાઇમાં તો જુજ અપવાદ શિવાય સરકારના અને પ્રજાના સભાસદોની સંખ્યા સરખી છે–અર્થાત્ અમલદાર પ્રમુખને ઉમેરતાં લોકલ બૉર્ડમાં સરકારી સભાસદોની સંખ્યા વધારે થાય છે, અને મ્યુનિસિપાલીટીમાં સ્હેજ કમી હોય છે. ઉપરાંત જ્યારે પંજાબ વગેરે પ્રાંતોમાં લોકલ બૉર્ડ અને મ્યુનિસિપાલીટીના પ્રમુખ તે મંડલો તરફથી જ નીમવામાં આવે છે ત્યારે મુંબાઇમાં જુજ મ્યુનિસિપાલીટીને અને મદ્રાસમાં ત્હેને તથા થોડાં તાલુકા બૉર્ડને એ સત્તા આપવામાં આવી છે. આ આશ્ચર્યજનક સ્થિતિનું કારણ એ છે કે પંજાબ વગેરે પ્રાંતોમાં ૧૮૮૩–૮૪ માં ધારાસભાઓ સ્થપાયેલી નહિં હોવાથી ત્હેને માટે કાયદા લૉર્ડ રીપનના પ્રમુખપણા નીચે વડી ધારાસભામાં ઘડવામાં આવ્યા હતા. જ્યારે બંગાલ, મુંબાઈ, અને મદ્રાસના કાયદા પોતપોતાની ધારાસભામાં પસાર થયા હતા. મુંબાઈના ગવર્નર લૉર્ડ રીપનના સ્થાનિક સ્વરાજ્યના ઠરાવ વિષે ઘણો કચવાતો જવાબ આપ્યો હતો તેથી મુંબાઈ ઇલાકાને બધા પ્રાંતોમાં વધારેમાં વધારે પછાત રહેવાનું માન ઘટે છે.

આ સ્થિતિનું પરિણામ ઘણું સ્પષ્ટ છે. પ્રજા જે થોડા સભાસદો ચુંટે છે ત્હેમને પોતાની થોડી સંખ્યાને લીધે એમ લાગે છે કે તેઓ કંઈ પણ કરવાને અશક્ત છે. બીજી પાસથી સરકારના સભાસદો અને અમલદારો એમ સમજે છે કે સ્થાનિક સ્વરાજ્યની આ સંસ્થાઓ હોવાથી ત્હેમની કંઈ જવાબદારી નથી. અને જે સંસ્થા ઉપર કોઈ સત્તાનો પૂરેપૂરો અમલ ન હોય ત્હેમાં નાણાંનો નિરર્થક વ્યય થાય અને અગત્યનાં કાર્ય અપૂર્ણ રહે એમાં શી નવાઈ?

આ ઉપરથી અમને લાગે છે કે પ્રથમ તો સ્થાનિક સંસ્થાઓને પૂરેપૂરી પ્રજાકીય બનાવવી જોઇએ અને આ હેતુથી બધા પ્રાંતોના કાયદામાં સુધારો કરવો જોઇએ. મ્યુનિસિપાલીટી અને જીલ્લા મંડલોમાં સર્વ સુધરેલા દેશોમાં કેવળ પ્રજાનાજ સભાસદો હોય છે અને ત્રીશ વર્ષના પ્રયોગ પછી એ સ્વાભાવિક સ્થિતિને માટે આપણને અયોગ્ય ગણવામાં આવે એ અસહ્ય છે. આપણા જાહેર જુસ્સાની કમીના વિષે ફરિયાદ કરવી એ સરકારને શોભતું નથી; કારણ કે હાલના સરકારી અંકુશ તે જુસ્સાના આવિર્ભાવ માટે બિલકુલ અનુકૂલ નથી. આપણને સત્તા નહિ પણ સત્તાનાં ચિહ્નજ આપીને સંગીન કામની આશા રાખવી એ વૃથા છે. મ્યુનિસિપાલીટી અને ખાસ કરીને લોકલ બૉર્ડના સર્વ સભાસદો પ્રજા તરફથી ચુંટાવા જોઇએ, અને તે મંડલોને જ પોતાના પ્રમુખ તેમજ મંત્રીઓ નીમવાની સત્તા આપવી જોઇએ.

ગામડાંની પંચાયતો.

આમ શહેરમાં મ્યુનિસિપાલીટી, અને જીલ્લામાં તથા તાલુકામાં લોકલ બૉર્ડ પ્રજાકીય ધોરણ ઉપર રચાવાં જોઈએ. પણ

એટલુંજ બસ નથી. એક વખતે એવું મનાતું હતું કે હિન્દના રાજ્યવહીવટની ખરી કમાન જીલ્લો છે અને વર્ષોના અનુભવ પછી એમ સમજાવા લાગ્યું કે જીલ્લાનો પ્રદેશ ઘણો બહોળો હોવાથી તાલુકાને જ વહીવટનું ખરૂં મથક બનાવવું જોઇએ. પણ આ વિચારશ્રેણી આટલેથી અટકી નથી. દરેક તાલુકામાં પચાસ, સો કે તેથી પણ વધારે ગામ હોય છે અને તે ગામની વસ્તી પચાસ સો માણસથી માંડીને આઠ, દશ હજાર જેટલી હોય છે. ઉપરાંત, તાલુકાનાં ગામ અને ગામડાં વચ્ચે અંતર બે ત્રણથી દશ પંદર માઇલ જેટલું હોય છે અને ત્હેના રસ્તા ઘણા જ ખડબચડા અને અણઘડ હોય છે. વળી છેલ્લાં પચીશ ત્રીશ વર્ષમાં ગામડાંની જુની પંચાયતો ઉપર ઘણો પ્રકાશ પડયો છે અને ત્હેના આધાર ઉપર નવી સંસ્થા રચવાનો પ્રશ્ન ચર્ચાયો છે. આને પરિણામે દેશના સર્વ હિતચિન્તકોનો વધુ મત એવો થયો છે કે ગામડાની પંચાયતનું પુનર્જીવન થશે નહિ અને ત્હેના પાયા ઉપર સ્થાનિક સ્વરાજ્યની ઇમારત રચાશે નહિ ત્યાં સુધી કેળવણી અને આરોગ્યના ગંભીર પ્રશ્નો કદી પણ ઉકલશે નહિ. હિન્દની પ્રજા ગામડામાં રહે છે અને ત્હેના ગાઢ સહવાસમાં જે સંસ્થા નથી તે અદ્ધર હવામાં જ લટકે છે તેમજ ગામડાંના લોકો પોતાના જાહેર પ્રશ્નોમાં રસ લેશે–પોતાની નિશાળોની સંભાળ લેશે અને પોતાના રસ્તા, પાણી વગેરેની વ્યવસ્થામાં ભાગ લેશે તો જ લોકલ બૉર્ડના વહીવટની અગણીત મુશ્કેલીઓ શમી જશે. જીલ્લા બૉર્ડને હાલ જે કામ તાલુકા બૉર્ડની મારફત કરવાની જરૂર પડે છે તે પછીથી પંચાયતોને નિર્ભયપણે સોંપી શકાશે અને બીજી પાસ તે જુની છતાં સજીવ સંસ્થાઓ દેશમાં સ્વરાજ્યની ઇમારતનું સબળ મંડાણ માંડશે.

સંસ્થાઓની આવક.

પરન્તુ આ સુધારાથી આ સંસ્થાઓની આવકનો પ્રશ્ન પહેલાંના કરતાં પણ વધારે કઠિન થશે. ગામેગામ નિશાળો સ્થાપવાને અને સુખાકારીના સાધનો વસાવવાને હાલ તો નાણું જુજ છે તો લોકલ બૉર્ડ અને મ્યુનિસિપાલીટી પ્રજાના તાબામાં વધારે આવતાં અને પંચાયતોનો ત્હેમાં ઉમેરો થતાં ઘણાંજ વધારે નાણાં જોઇએ. મદ્રાસની ધારાસભામાં હુમણાં જ જ્યારે પંચાયતો સ્થાપવાનો સવાલ ચર્ચાયો હુતો ત્યારે સરકાર તરફથી સર શીવસ્વામી આયરે પ્રશ્ન કર્યો હુતો કે મદ્રાસ પ્રાંતમાં આશરે ૫૪,૦૦૦ ગામડાં છે તો તે દરેકમાં પંચાયત સ્થાપવાથી કેટલાં બધાં નાણાંની જરૂર પડશે અને તે નાણાં કયાંથી આવશે ? મ્યુનિસિપાલીટી અને ખાસ કરીને લોકલ બૉર્ડની હાલ મ્હોટી ફરિયાદ છે કે તેઓ પોતાનું કામ નાણાંની અછતથી કરી શકતાં નથી. સરકારે ઉઘરાવેલા થોડા કર અને સરકારે આપેલી થોડી ગ્રાન્ટ ઉપર ત્હેને પોતાનો નિર્વાહ કરવો પડે છે. આ મુશ્કેલીના ત્રણ માર્ગ સૂચવી શકાય.

(૧) પ્રથમ તો ઘણા વિચારકોનો એવો અભિપ્રાય થતો જાય છે કે મ્યુનિસિપાલીટીની માફક લોકલ બૉર્ડને તેમ જ પંચાયતોને પોતાના કર નાંખવાની સત્તા આપવી જોઈએ. સર્વે સમજે છે કે આપણા ગરીબ દેશના પ્રમાણમાં હાલના કરનો બોજો કમી નથી. છતાં લગભગ આઠ નવ વર્ષ પૂર્વે ડીસેન્ટ્રેલીઝેશન કમીશન આગળ અનેક અનુભવી સાક્ષીઓએ કબૂલ કર્યું હતું કે ઉઘરાવવાના પૈસા તે જ ગામ કે તાલુકા કે જીલ્લામાં ખર્ચવાના હશે તો લોકો ખુશીથી વધારે કર ઝીલશે. અને આ નિર્ણય ઉપર આવતાં કંઈ પણ આનાકાની સ્વાભા-

વિક રીતે લાગે તે આપણા હજારો અને લાખો ગામોનો–અને ત્હેમાં સ્થપાવી જોઈતી પંચાયતોનો વિચાર કરતાં તે દૂર થવી જોઇએ. આ માટે જોઇતા પૈસાની પૂરેપૂરી રકમ પ્રાંતની તીજોરીમાંથી આવી શકે જ નહિ અને લોકોએ ત્હેમાં પોતાનો ફાળો આપવો જોઇએ એ સ્પષ્ટ છે. કેટલા કર કઇ વસ્તુ ઉપર નાંખવા અને તે કોણે ઉઘરાવવા એ સવાલ વિગતોના છે.

(૨) આ કરથી પણ સંસ્થાઓની તીજોરીઓ ભરાશે નહિ, અને જે ઉણપ રહે તે સરકાર ભરવાને બંધાયેલી છે. સરકાર બે રીતે મદદ કરી શકે. પહેલું તો વર્ષે વર્ષે–અમુક કાર્યને માટે કે સામાન્ય રીતે–નાણાંની ગ્રાન્ટ આપી શકે. હાલ જે થોડી ગ્રાન્ટ સરકાર આપે છે તે પુરતી નથી અને ત્હેમાં ઘણી વધઘટ થાય છે એવી ફરિયાદ સાંભળવામાં આવે છે. અમારી દૃઢ માન્યતા છે કે સરકારે દર વર્ષે હાલની ગ્રાન્ટમાં ઓછામાં ઓછો ૫૦ કે ૭૫ ટકા જેટલો વધારો કરવો જ જોઈએ, તે શિવાય કેળવણી અને સુખાકારીનાં ભગીરથ કામ પચાસ સો કે તેથી પણ વધારે વર્ષો સુધી સધાશે નહિ. અને ફરજીયાત કેળવણીના સંબંધમાં મર્હુમ શ્રી૦ ગોખલેએ સરકારને પૂછયું હતું તે આપણે પણ વિચારવું જોઈએ કે આટલાં વર્ષો સુધી રાહ જોવાને કોણ તૈયાર છે ?

(૩) બીજી રીતે પણ સરકાર આ સંસ્થાઓને મદદ આપી શકે–હાલના અમુક કરની આવક ત્હેની ઉપજના પ્રદેશમાં આવેલી સંસ્થાઓને સોંપીને. ડીસેન્ટ્રેલીઝેશન કમીશન આગળ ઘણા બહોશ રાજપુરૂષો તરફથી આ માર્ગ સૂચવવામાં આવ્યો હતો અને તેને અંગે સરકારી ગ્રાંટને બદલે—જમીનનું બધું મહેસુલ લોકલ બૉર્ડ અને પંચાયતને આપવાની દર-

ખાસ્ત પણ મૂકવામાં આવી હતી. મદ્રાસની ધારાસભામાં હુમ-ણુંજ, કેટલાક ન્હાના કર સૂચવવામાં આવ્યા હતા કે જે બહુ અગવડ શિવાય સરકાર પંચાયતોને સોંપી શકે. અત્રે અમે ચોક્કસ દરખાસ્ત કરવા ઇચ્છતા નથી; ફક્ત એટલું જ જણાવીશું કે સરકાર અને પ્રજાના પ્રતિનિધિઓએ મળીને કોઇ એવા કરનો નિશ્ચય કરવો પડશે કે જેની ઉપજ સ્થાનિક સંસ્થાઓની તીજોરીઓમાં જાય.

વહીવટ.

બંધારણ અને નાણાંના મુખ્ય મુદ્દાનો વિચાર કરીને હવે વહીવટની પદ્ધત્તિ વિષે અમે બે શબ્દ કહીશું. વહીવટ વિષે હાલ બે મ્હોટી ફરિયાદ છે; (૧) સરકારનો આ મંડલો ઉપર અંકુશ, અને (૨) ત્હેના અધિકારીઓની નીમણુક. પહેલી બાબતનો વિચાર કરતાં જણાશે કે હાલ લોકલ બૉર્ડ તેમ જ મ્યુનિસિપાલીટીનાં અંદાજ પત્ર ઉપર કલેકટર અને કમીશનરની સંમતિ મેળવવાની જરૂર પડે છે અને અમુક જરૂરી ખર્ચ એ અમલદારોને ઠીક ન લાગે તો તે મંજુર થઈ શકતું નથી. પરન્તુ અંદાજપત્ર નિશ્ચિત થયા પછી પણ મુશ્કેલીઓનો અંત આવતો નથી. કેળવણીની બાબતોમાં એક પાસથી મામલતદાર અને ત્હેના તાબેદારો અને બીજી પાસથી સરકારના કેળવણી ખાતાના ઇન્સ્પેક્ટરોના હુકમો અને આપખુદી વચ્ચે લોકલ બૉર્ડનો માર્ગ ઘણો કઠિન બને છે. પાણી, રસ્તાઓ વગેરેમાં કેળવણી ખાતાની જગ્યા સરકારી પબ્લિક વર્કસનું ખાતું લેછે અને પોતાની ઇચ્છા મુજબ નકશાઓ દોરી અને યોજનાઓ કરી બૉર્ડના પૈસાનો ખર્ચ કરે છે. તંદુરસ્તીનાં કામમાં સરકારનું તે સંબંધી ખાતું બૉર્ડના ઉપરીનું કામ કરે છે. આ અને

આવા અનેક અટપટા અંકુશોનો વિચાર કરતાં ઘણી વાર શંકા થાય છે કે સરકારનાં અનેક ખાતાંઓની વચ્ચે સંકડાતા અને દબાતા બૉર્ડને પોતાની કંઈ સત્તા હશે ખરી કે એક હાથે અપાતા પૈસા લઈ બીજે હાથે મંગાતા નાણાં આપવા એ જ ત્હેનું ખરૂં કર્તવ્ય છે ? સરકારની સાધારણ દેખરેખ બૉર્ડના કામ ઉપર રહેવી જોઈએ એ સર્વ કબૂલ કરે છે; પણ હાલના અસંખ્ય અંકુશોમાંથી મુકત કરી બૉર્ડને પોતાની મ્હોટી સત્તાઓ સોંપવી જોઇએ એ પણ નિર્વિવાદ છે.

બીજું, બૉર્ડના અધિકારીઓ અને નોકરો નીમવાની સત્તા ઘણી વાર સરકાર પોતાના હાથમાં રાખે છે તે નાબૂદ થવી જોઇએ, એટલું જ નહિ પણ સરકારના અમલદારોને ત્હેના અધિકારી તરીકે ન જ નીમી શકાય એવો નિયમ થવો જોઇએ. જ્યાં સુધી પોતાની સ્હામે આ અમલનાં બારણાં ચોક્કસ રીતે વસાશે નહિ ત્યાં સુધી આ અમલદારો બૉર્ડમાં પોતાનો પગ-પેસારો કરવા હમેશાં પ્રયત્ન કરશે.

શહેરીઓની ફરજ.

સ્થાનિક સંસ્થાઓના સંબંધમાં પ્રચલિત કાયદા કાનુનોમાં કઈ દિશામાં સુધારો થવાની જરૂર છે તે અમે જણાવ્યું. પરન્તુ આપણે હમેશાં યાદ રાખવું જોઇએ કે આ સંસ્થાઓનું ખરૂં સત્વ અને સિદ્ધાન્ત સ્થાનિક સ્વરાજ્ય જ છે. આ સુધારા ન થાય ત્યાં સુધી અને થયા પછી પણ આપણી પ્રજાનું કર્તવ્ય છે કે ત્હેણે યોગ્ય શહેરીઓને આ સંસ્થાઓ માટે ચુંટવા જોઇએ. અને તે શહેરીઓનો મહાન ધર્મ છે કે ત્હેમણે બુદ્ધિપૂર્વક અને નિર્ભયપણે એ મંડલોનું કાર્ય ચલાવતાં અને પોતાનો શિર અમુક ખાતાની જવાબદારી લેતાં શીખવું જોઇએ. અમને જણાવતાં

અત્યંત દીલગીરી થાય છે અને છતાં તે જણાવવાની અમને જરૂર લાગે છે કે, જો આપણે અને આપણા પ્રતિનિધિઓએ અત્યાર સુધીમાં આ ઉત્તમ ગુણો દાખવ્યા હોત તો, ઘણા અનિષ્ટ કાયદાઓ અને બંધનો છતાં પણ આપણે હાલના કરતાં ઘણી વધારે પ્રગતિ કરી હોત. હજી પણ લાગવગ કે એવાં કારણોથી અનેક અયોગ્ય સભાસદો આ મંડલોમાં ચુંટાય છે તેમ આપણા સારા સભાસદો પણ એક પાસ સત્તાધીશોથી ગભરાય છે તો બીજી પાસ ઉપયોગી કામ ઉપાડવામાં અને પાર પાડવામાં ઘણું આળસ કરે છે. સરકારની કુતર્કી દલીલોને ઘણીવાર આ દેખીતી વસ્તુસ્થિતિથી ઘણું વજન મળે છે અને પ્રજાકીય ઉન્નતિ આથી સત્વર સધાતી નથી.

અમે એક બાબત ઉપર અમારાં વાચકોનું ખાસ લક્ષ દોરવા માગીએ છીએ. મ્યુનિસિપાલીટી કરતાં પણ લોકલ બૉર્ડના વહીવટ ઉપર આપણાં અસંખ્ય ગામ અને ગામડાંની પ્રગતિનો આધાર છે, અને તેથી ત્હેનો કારભાર ઘણી જ કાળજીથી અને ખંતથી થાય એ આવશ્યક છે. પણ આ જ કામ વધારેમાં વધારે ભાગે તાલુકાના અમલદારો અને ગામડાના પટેલોના હાથમાં રહે છે, અને પરિણામે તે જોઇતી ત્વરાથી થતું નથી. આનું એક કારણ એ નથી કે લોકલ બોર્ડના, જીલ્લાના અને તાલુકાના સભાસદો પોતાનો ખરો ધર્મ બજાવતા નથી? જે સદ્‌ગૃહ્ સ્થોને અમુક અમુક ખાતાનું કામ સોંપવામાં આવે છે તેઓ પોતાના શહેરની બ્હાર કેટલી વાર ડોકીયું કરે છે અને પોતાના વિભાગની નિશાળો અને રસ્તાઓ, મકાનો અને બાંધકામનું કેટલી વાર નિરીક્ષણ કરે છે? અને જેમને સ્વરાજ્ય ચલાવવાને નીમવામાં આવ્યા હોય તેઓ જો આળસ કરે તો

ત્હેમના રાજ્યમાં અંધાધુની ચાલે એમાં શી નવાઈ? સ્થાનિક સ્વરાજ્યના હુકની સાથે ગંભીર જવાબદારીઓ રહેલી છે એ આપણા બુદ્ધિશાળી વકીલોએ અને પંકાયલા રાવસાહેબોએ લક્ષમાં રાખવાની જરૂર છે.

આ લેખ સમાપ્ત કરતાં પહેલાં સર્વને વિનંતિ કરીશું—કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અતિશય મહત્વની અને ગૌરવભરી ગણો અને ત્હેના ધર્મને અતિશય ઉત્કટ અને પવિત્ર માનો. સ્થાનિક સ્વરાજ્ય જો એક પાસથી સ્વરાજ્યની સમગ્ર રચનાનો એક પાયો છે તો બીજી પાસથી રાષ્ટ્રીય ઉન્નતિનાં બે ઉત્તમ સાધનો કેળવણી અને આરોગ્ય સાથે હુમેશને માટે જોડાયેલો છે. લોકલ બોર્ડ અને પંચાયતનો વિચાર કરનાર સર્વ શહેરીનું હૃદય દેશના ભીતરમાં રહેલાં હજારો ગામ અને લાખો ગામડાંઓ તરફ–તે ગામ અને ગામડાંઓમાં વસનાર નિર્બલ અને અભણ, ગરીબ અને કંગાલ હિંદવાસીઓ તરફ–અને ત્હેમને માટે કેળવણી અને તંદુરસ્તીની અસંખ્ય સંસ્થાઓ વસાવવાના ગંભીર ધર્મ તરફ વળવું જોઇએ. જો એ સ્પષ્ટ છે કે સ્થાનિક સંસ્થાઓમાં આપણા હક અને જવાબદારીઓ ભોગવીને જ આપણે પ્રાંત અને દેશના સ્વરાજ્ય માટે લાયક બનીશું તો આ પણ દેખીતું છે કે શરીરનું બલ અને બુદ્ધિનો પ્રભાવ પામીને જ દેશની અગણિત વસ્તી રાષ્ટ્રીય સમારંભમાં ભાગ લેશે. આમ સ્થાનિક મંડલો, ત્હેના કાર્યવાહક શહેરીઓને તથા ત્હેનો લાભ લેનાર વસ્તીને અતિશય લાભદાયક છે; અને દેશભક્તિથી પ્રોત્સાહિત યુવકોને માટે તેમજ મધ્યાવસ્થામાં જામેલા સદ્‌ગૃહસ્થોને માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સુદૃઢ અને સફલ કરવા જેવો બીજો ગંભીર ધર્મ નથી.

